| | | |
|---|---|---|
| Subject : ગણિત<br>Standard : ધોરણ 8<br>Chapter : 2<br>Name : ______________ | **પે.સે.કુમાર શાળા રાણા વડવાળા<br>તા. રાણાવાવ, જિ. પોરબંદર** | Exam Time : 1 Hour<br>Date : 22/05/2020<br>Marks : 50<br>Roll No. : ___________ |

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. નીચે આપેલામાંથી કયા સમીકરણમાં y ની કિંમત 3 થશે ?
   A. y - 6 = 9 B. - y = 3 C. y + 5 = 2 D. - y = - 3
2. કોઈ ધન પૂર્ણાંક x અને તેની ક્રમિક પૂર્ણાંક સંખ્યાઓનો સરવાળો શું થાય ?
   A. x + 1 B. x + 2 C. 2x + 1 D. 2x + 2
3. 10 વર્ષ પહેલાં મિતુલની ઉંમર y વર્ષ હતી તો તેની હાલની ઉંમર શું હશે ?
   A. y - 10 B. y + 10 C. 10y D. $\frac{y}{10}$
4. $\frac{2}{3}x + 3 = 5$ સમીકરણનો ઉકેલ ......... છે.
   A. 2 B. -2 C. 3 D. -3
5. માતા અને બે પુત્રીઓની હાલની ઉમરનો સરવાળો 65 વર્ષ છે. x વર્ષ પછી આ ત્રણેની ઉંમરનો સરવાળો ............ થાય.
   A. 65 + 4x B. 65 + 2x C. 65 + 3x D. 65 + x

**➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. જો સમીકરણની મહત્તમ ઘાત..........હોય , તો તેને સુરેખ સમીકરણ કહેવાય છે
2. $\frac{x}{2}$ = $\frac{-x}{2}$ -1 માં x = ................
3. સમીકરણ $\frac{x}{2}$ -1 = 5 હોય, તો = ............
4. સમીકરણ $\frac{2x+3}{x-2}$ = $\frac{1}{4}$ હોય, તો x = ............
5. મનુ, કનુ અને જનુની 3 વર્ષ પહેલાંની ઉંમરનો સરવાળો x વર્ષ હતો, તો 3 વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો ........... વર્ષ થશે.

**➽ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. $\frac{x}{2}$ + $\frac{3}{4}$ = 8 સમીકરણ માટે $\frac{x}{2}$ = 8 $\frac{-3}{4}$ સાચું છે.
2. $\frac{2}{5}x = 4$ સમીકરણ માટે x = 10 છે.
3. x-1 = 3 અને x + 1 = 5 સમીકરણના ઉકેલ સરખા છે.
4. $\frac{x}{3}$ = 4 અને x + 1 = 13 સમીકરણના ઉકેલ સરખા છે.
5. $\frac{x+1}{3}$ = 5 અને 3x - 5 = 1 સમીકરણના ઉકેલ સરખા છે.

**➽ સાચાં જોડકા જોડો** (Marks - 05)

1. સાચાં જોડકાં બનાવો :

| | | |
|---|---|---|
| 1. | 5x + 3 = 2x + 6 | ( a ) (-1) |
| 2. | 4x -1 = x + 5 | (b) (-2) |
| 3. | 7x + 2 = 3x + 14 | (c) (-3). |
| 4. | 3x - 2 = 4x + 1 | (d) 1 |
| 5. | 6x + 4 = x-1 | (e ) 2 |
| 6. | 4x - 1 = 5x + 1 | (f) 3 |

## SECTION - B

BHAVDIP VADHER (E-LEARNING)

**➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ)** **(Marks - 20)**

1. 3x = 2x + 18 સમીકરણોને ઉકેલ મેળવો અને જવાબ ચકાસો.
2. 2x - 1 = 14 – x સમીકરણોને ઉકેલ મેળવો અને જવાબ ચકાસો.
3. બે સંખ્યાઓનો ગુણોત્તર 4 : 6 છે . જો આ બે સંખ્યાઓનો સરવાળો ( sum ) 180 થાય , તો તે સંખ્યાઓ શોધો .
4. એક સંખ્યાના અડધા ભાગમાંથી 5 બાદ કરતાં 20 મળે છે, તો તે સંખ્યા કઈ હશે ?
5. એક સંખ્યાના ત્રીજા ભાગમાં 5 ઉમેરતાં 25 મળે છે, તો તે સંખ્યા કઈ હશે ?
6. એક સંખ્યાના ત્રીજા ભાગમાથી 4 બાદ કરતાં 5 રહે તો તેની સંખ્યા શોધો.
7. બે સંખ્યાઓનો સરવાળો 95 છે. એક સંખ્યા બીજી સંખ્યા કરતાં 15 વધારે હોય , તો તે સંખ્યાઓ શોધો.
8. બે સંખ્યાઓનો ગુણોતર 5 : 3 અને તેમનો તફાવત 18 હોય , તો તે સંખ્યાઓ શોધો.
9. જો ત્રણ ક્રમિક પૂર્ણાંક સંખ્યાઓનો સરવાળો 51 હોય , તો તે સંખ્યાઓ શોધો .
10. 15 વર્ષ પછી રવિની ઉમર તેની હાલની ઉમર કરતાં ચાર ગણી થાય , તો રવિની હાલની ઉમર શોધો .
11. એક સાંખ્યામાથી $\frac{1}{2}$ બાદ કરીને મળતા પરિણામને $\frac{1}{2}$ વડે ગુણતા જો $\frac{1}{8}$ મળે , તો તે સંખ્યા શોધો .
12. 34 ના બે ભાગ એવા કરો કે જેથી તેના એક ભાગના $\frac{4}{7}$ ગણા બીજા ભાગના $\frac{2}{5}$ ગણા થાય.તો બંને ભાગ શોધો.
13. કઈ ક્રમિક ત્રણ અયુગ્મ( consecutive ) સંખ્યાઓનો સરવાળો 45 મળે છે ?
14. એક સંખ્યા બીજી સંખ્યા કરતાં 12 જેટલી ઓછી છે અને બંને સંખ્યાનો સરવાળો 24 છે તો તે સંખ્યાઓ શોધો.
15. ઉતરતા ક્રમમા રહેલી ત્રણ ક્રમિક પૂર્ણાંક સંખ્યાઓને અનુક્રમે 1 ,2 તથા 3 વડે ગુણાકાર કરી અને સરવાળો કરતાં 28 મળે છે. તો તે સંખ્યા શોધો.
16. એક લંબચોરસ સ્વિમિંગ પુલની પરિમિતિ 154 મીટર છે . જો તેની લંબાઈ તેને પહોળાઇના બમણાથી બે વધારે હોય, તો સ્વિમિંગ પુલની લંબાઈ અને પહોળાઈ શોધો.
17. એક સમદ્રીબાજુ ત્રિકોણના પાયાનું માપ $\frac{4}{3}$ સેમી છે. જો ત્રિકોણની પરિમિતિ $4\frac{2}{15}$ સેમી હોય, તો ત્રિકોણની બે સમાન બાજુઓની લંબાઇ શોધો.
18. 8 ના ત્રણ ક્રમિક ગુણિતનો સરવાળો 888 છે . તો તે ગુણિત શોધો.
19. ચડતા ક્રમમાં રહેલી ત્રણ ક્રમિક પૂર્ણાંક સંખ્યાઓને અનુક્રમે 2 ,3 તથા 4 વડે ગુણાકાર કરી અને સરવાળો કરતાં જો સરવાળો 74 આવે, તો તે સંખ્યા શોધો.
20. રાહુલ અને હારુનની હાલની ઉમરનો ગુણોતર 5 : 7 છે. 4 વર્ષ પછી તેમની ઉમરનો સરવાળો 56 વર્ષ થાય. તો તેમની હાલની ઉમર શોધો .

**➽ નીચેના દાખલા ગણો (દરેકના બે ગુણ)** **(Marks - 10)**

1. નીચેનાં સમીકરણોના ઉકેલ શોધો :
   (1) $\frac{2x}{3}$ +1 = $\frac{7x}{15}$ + 3 (2) 2x + $\frac{5}{3}$ = $\frac{26}{3}$ - x (3) 5x + $\frac{7}{2}$ = $\frac{3x}{2}$ - 14 (4) $\frac{2x}{3}$ - 5 = x - $\frac{3x}{2}$ + 2 (5) $\frac{4x}{5}$ + x + 2 = $\frac{x}{2}$ + x + 5
2. લક્ષ્મી એક બેંકમાં ખજાનચી છે. તેની પાસે અનુક્રમે 100 રૂ. , 50 રૂ. , 10 રૂ. ના મૂલ્યની ચલણી નોટો છે, આ નોટોની સંખ્યાનો ગુણોતર અનુક્રમે 2 : 3 : 5 છે. જો કુલ રકમ રૂ. 4,00,000 હોય ,તો લક્ષ્મી પાસે દરેક મૂલ્યની કેટલી નોટો હશે?
3. મારી પાસે રૂ. 1, રૂ. 2 અને રૂ. 5 ના મૂલ્યવાળા કુલ રૂ. 300 ના સિક્કાઓ છે. રૂ. 2ના સિક્કાની સંખ્યા રૂ. 5 ના સિક્કા કરતાં ત્રણ ગણી છે. જો સિક્કાઓની કુલ સંખ્યા 160 હોય , તો દરેક મૂલ્યના સિક્કાઓની સંખ્યા શોધો .
4. બે અંકની સંખ્યાના અંકોનો સરવાળો 9 છે. જો અંકોની અદલાબદલી કરતાં મળેલી નવી સંખ્યા , મૂળ સંખ્યા કરતાં 27 વધારે હોય , તો મૂળ સંખ્યા શોધો .
5. મહુલી ગામમાં જમીનનો એક સાંકડો લંબચોરસનો ટુકડો શાળા બનાવવા માટે ફાળવેલ છે. પ્લોટની લંબાઈ અને પહોળાઈનો ગુણોતર 11 : 4 છે. જો આ પ્લોટની ફરતે વાડ બનાવવા માટે ગ્રામપંચાયતને રૂ. 100 પ્રતિ મીટરના દરે રૂ. 75,000 ખર્ચ કરવા પડે , તો પ્લોટની લંબાઈ અને પહોળાઈ શોધો.

BHAVDIP VADHER (E LEARNING)

# Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : ગણિત
Standard : ધોરણ 8
Chapter : 2

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50

SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. - y = - 3
2. 2x + 1
3. y + 10
4. 3
5. 65 + 3x

**➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. 1
2. -1
3. 12
4. (-2)
5. x+18

**➽ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. ખરું (True)
2. ખરું (True)
3. ખરું (True)
4. ખરું (True)
5. ખોટું (False)

**➽ સાચાં જોડકા જોડો** (Marks - 05)

1. (1)-(d) , (2)- (e) , (3)- (F) , (4)-(c) , (5)-(a) , (6)-(b)

SECTION - B

**➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ)** (Marks - 20)

1. x = 18, ચકાસણી માં ડા.બા. = જ.બા. થવું જોઇએ
2. x = 5 ચકાસણી માં ડા.બા. = જ.બા. થવું જોઇએ
3. બે સંખ્યાઓ 72 અને 108 છે.
4. 50
5. 60
6. તે સંખ્યા 27 છે.
7. એક સંખ્યા = 40 અને બીજી સંખ્યા = 55
8. બે સંખ્યાઓ = 45 અને 27
9. ત્રણ ક્રમિક પૂર્ણાંક સંખ્યાઓ = 16, 17, 18
10. રવિની હાલની ઉંમર = 5 વર્ષ

BHAVDIP VADHER (E-LEARNING)

11. x = $\frac{3}{4}$

12. પ્રથમ ભાગ = 14 અને બીજો ભાગ = 20

13. 13,15,17

14. નાની સંખ્યા = 6 અને મોટી સંખ્યા = 18

15. સંખ્યાઓ = x = 6 ,5 ,4

16. લંબાઈ = 25, પહોળાઈ = 52 મીટર

17. સમાન બાજુઓની લંબાઇ = $\frac{7}{5}$

18. 8 ના ત્રણ ક્રમિક ગુણિત = 288, 296, 304

19. ત્રણ ક્રમિક પૂર્ણાંક સંખ્યાઓ = 7,8,9

20. રાહુલ ની હાલની ઉંમર = 20 વર્ષ અને હારુનની હાલની ઉંમર = 28 વર્ષ

**➽ નીચેના દાખલા ગણો (દરેકના બે ગુણ)** **(Marks - 10)**

1. (1) x =10 (2) x = $2\frac{1}{3}$ (3) x= (-5) (4) x=6 (5) x=10

2. 100 રૂ. ની નોટોની સંખ્યા = 2000
   50 રૂ. ની નોટોની સંખ્યા = 3000
   10 રૂ. ની નોટોની સંખ્યા = 5000

3. રૂ. 5 ના સિક્કાની સંખ્યા = 20
   રૂ. 2 ના સિક્કાની સંખ્યા = 60
   રૂ. 1 ના સિક્કાની સંખ્યા = 80

4. મૂળ સંખ્યા = 36

5. લંબાઈ = 275 મીટર અને પહોળાઈ = 100 મીટર

BHAVDIP VADHER (E-LEARNING)